"મજબૂત લોકશાહી – સૌની ભાગીદારી ""Electoral Literacy for Stronger Democracy"

# જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર, પાટણની કચેરી

જિલ્લા સેવા સદન, પહેલા માળે, પાટણ
ફોન નં.૦૨૭૬૬ ૨૨૨૨૧૪, ફેકસ નં.૦૨૭૬૬ ૨૩૩૨૦૧
E-mail ID- patan.dydeo@gmail.com

નં.ઈએલસી/મતદારયાદી/છાપકામ/વર્કઓર્ડર/વશી/૬૩૬૨/૨૦૨૨ તા. ૪.૧૦.૨૦૨૨

**પ્રતિ,**
પ્રોપાયટરશ્રી,
એકતા ઓફસેટ પ્રા.લિ.
ભગવતી ફર્નિચરની પાસે,નડીયાદ પીપલાટા રોડ,
નડીયાદ,ખેડા–૩૮૭૩૫૫

**વિષય**:– **તા.૦૧/૧૦/૨૦૨૨ની લાયકાત તારીખ સંદર્ભે ફોટાવાળી મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ લગત મતદારયાદી સેટ–૯ અને પુરવણી યાદી સેટ–૧ના છાપકામ કરવા વર્કઓર્ડર આપવા બાબત.**

**સંદર્ભ:**– સંયુકત મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગરનાં પત્ર ક્રમાંક:–ઈએલઆર/૧૪૨૨/૧૩૦(૨)/છ, તા. ૦૬.૦૭.૨૦૨૨.

ઉપર્યુકત વિષય અન્વયે જણાવવાનું કે, ભારતનાં ચૂંટણી પંચ, નવી દિલ્હી દ્વારા તા.૦૧.૧૦.૨૦૨૨ ની લાયકાતની તારીખના સંદર્ભમાં મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ–૨૦૨૨ જાહેર કરવામાં આવેલ હતો. જે અન્વયે આખરી મતદારયાદી (Integrated Final roll) ની તા.૧૦.૧૦.૨૦૨૨ના રોજ પ્રસિધ્ધિ કરવાની થાય છે.

સંયુકત મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગરનાં પત્રક્રમાંક:–ઈએલઆર/૧૪૨૨/૧૩૦(૨)/છ, તા.૦૧.૧૦.૨૦૨૨ મુજબ મતદારયાદીની પ્રસિધ્ધિ માટે, જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી અને કલેકટરશ્રીની કચેરીએ, મતદાર નોંધણી અધિકારીશ્રીની કચેરી માટે, મદદનીશ મતદાર નોંધણી અધિકારીશ્રીની કચેરી માટે, માન્ય રાજકીય પક્ષોને વિના મૂલ્યે આપવા માટે અને રાજય ચૂંટણી પંચને આપવા માટે સંકલિત આખરી મતદારયાદીની નકલો પુરી પાડવાની થાય છે.

સબબ, ઉકત વિગતે અત્રેના જિલ્લા માટે સંકલિત આખરી મતદારયાદી સેટ –૯ તથા પુરવણી યાદી સેટ–૧ ની તાકીદે જરૂરીયાત હોઈ છાપકામ પૂર્ણ કરવા આ વર્કઓર્ડર આપવામાં આવે છે. સદરહું સેટનું છાપકામ કરી મોડામાં મોડા તા. ૦૭.૧૦.૨૦૨૦ ના રોજ સવારના ૧૧:૦૦ કલાક સુધીમાં મોકલી આપવાના રહેશે.

"નોંધ પર માન.જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી અને કલેકટરશ્રીના આદેશાનુસાર"

**નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી**
**પાટણ**

letter